
# 3 તું ભારતને જગાડ !



**રવીન્દ્રનાથ ટાગોર**

**(જન્મ : તા. 7-5-1861; અવસાન : તા. 7-8-1941)**

બંગાળી કવિ. વતન કોલકાતા – જોરાસાંકો. વિશ્વના મહાન લેખકોમાં, રવીન્દ્રનાથ કવિતા, નવલકથા, વાર્તા, નાટક, નિબંધ જેવાં સ્વરૂપોમાં ઉત્તમ સર્જન કરી અગ્ર હરોળમાં પ્રસ્થાપિત થયેલા. 'ગીતાંજલિ'નાં કાવ્યો માટે નોબેલ પારિતોષિક મળેલું - (1913). 'ગોરા' એમની સુખ્યાત નવલકથા છે. એમની મોટા ભાગની સાહિત્યકૃતિઓ ગુજરાતીમાં અનૂદિત થઈ છે. સંગીતજ્ઞ અને ચિત્રકાર તરીકે પણ રવીન્દ્રનાથ ટાગોર એટલા જ જાણીતા છે. એમણે વિકસાવેલી સંસ્થા શાંતિનિકેતન દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે.

---

ચિત્ત જ્યાં ભયશૂન્ય છે;
શિર જ્યાં ઉન્નત છે;
જ્ઞાન જ્યાં મુક્ત છે;
ઘરઘરના વાડાઓએ જ્યાં રાતદિવસ વસુધાના નાના ટુકડા કરી મૂક્યા નથી;
    વાણી જ્યાં હૃદયના ઝરણામાંથી સીધી વહે છે;
    કર્મનો પ્રવાહ જ્યાં રૂંધાયા વિના દેશે દેશે અને દિશાએ દિશાએ સતત સહસ્રવિધ સફળતા પ્રતિ ધસે છે;
    તુચ્છ આચારરૂપી રણની રેતીએ જ્યાં વિચારના ઝરણાને ગ્રસી લીધું નથી,
    અને પૌરુષના લાખ લાખ ટુકડા કરી નાખ્યા નથી;
    જ્યાં હંમેશાં તું સકલ કર્મ વિચાર અને આનંદનો નેતા છે.
ત્યાં, ત્યાં જ
તે સ્વર્ગમાં,
તારે પોતાને હાથે નિર્દય આઘાત કરી,
હે પિતા,
તું ભારતને જગાડ!

અનુ. નગીનદાસ પારેખ

('ગીતાંજલિ'માંથી)

**શબ્દ-સમજૂતી**

**ભયશૂન્ય** નિર્ભય; **વસુધા** પૃથ્વી; **રૂંધાયા વિના** અટક્યા વિના; **ઉન્નત** ઊંચું; **તુચ્છ** સામાન્ય; **ગ્રસવું** પકડવું; **પૌરુષ** પરાક્રમ; **નિર્દય** દયા વિનાનું; **શિર** મસ્તક.

•